ગાંધીનગર સમાચાર

**રૂપાલ ખાતે પલ્લીનો મેળો ૯ ઓક્ટોબરે યોજાશે**

# શહેરમાં નવરાત્રી દરમ્યાન એક ઈંચ વરસાદ





## સાંજ પડતાં જ આકાશમાં વાદળો ઘેરાય છે અને વીજળીના કડાકા શરૂ થતાં જ ખેલૈયાઓ ટેન્શનમાં આવી જાય છે

ગાંધીનગર, તા. ૫

આખો ભાદરવો વરસાદ વિના કોરો ગયા બાદ આખરે નવરાત્રીના પ્રારંભે જ વરસાદી માહોલ છવાતા નવરાત્રીના રંગમાં ભંગ પડ્યો છે. છેલ્લા ચાર દિવસ દરમ્યાન શહેરમાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. આજે સવારથી જ વરસાદી માહોલ બંધાયો અને વરસાદ પડ્યો હતો.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં પાછોતરા વરસાદનો માહોલ બંધાયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. ગાંધીનગરમાં પણ છેલ્લા ચાર દિવસથી દરરોજ સાંજે વરસાદી માહોલ બંધાય છે. સાંજ પડતા જ આકાશમાં વાદળો ઘેરાય છે. અને જોરદાર વીજળી થવાની શરૂઆત થાય છે. નવરાત્રીના પહેલા દિવસથી જ વરસાદ શરૂ થતાં નવરાત્રીનું આયોજન કરતા આયોજકો અને ખેલૈયાઓ નિરાશ થયા છે. ખેલૈયાઓ હવે વરસાદ ન પડે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. વરસાદ જરાક બંધ થાય ત્યાં જ ખેલૈયાઓ ગરબા ગ્રાઉન્ડમાં પહોંચી જાય છે.

નવરાત્રીના પ્રથમ દિવસે એટલે કે શનિવારે ૧૨ મી.મી. જેટલો વરસાદ પડ્યો હતો. તે પછી રવિવારે વરસાદ બંધ રહેતા ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. સોમવારે સાંજથી જ ધીમીધારે વરસાદ શરૂ થઈ જતાં ખેલૈયાઓના ઉત્સાહમાં ઓટ આવી હતી. વરસાદ હોવા છતાં ઘણા ગરબા ગ્રાઉન્ડમાં ગરબા ચાલુ રહેતા વરસતા વરસાદમાં ખેલૈયાઓ ગરબે ઘુમ્યા હતા. મંગળવારે સાંજે વરસાદ બંધ રહેતા ખેલૈયાઓ તાનમાં આવી ગયા હતા. મોટાભાગના ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓની ભારે ભીડ જામી હતી. શેરી ગરબાઓ પણ ખુબ જામ્યા હતા. આજે બુધવારે તો સવારથી જ આકાશ વાદળોથી ઘેરાઈ ગયુ હતુ. સવારે ૪ વાગ્યાથી જ ધીમી ધારે વરસાદ પડવાનો શરૂ થઈ ગયો હતો. જો કે બપોર બાદ વરસાદે વિરામ લેતા આયોજકોએ ગરબા ગ્રાઉન્ડને સાફ કરવાની તૈયારીઓ આરંભી દીધી હતી. મોડી સાંજ સુધી વરસાદ બંધ રહેતા ખેલૈયાઓ ચાચરચોકમાં જવા ઉતાવળા બન્યા હતા.

# મહાનગરપાલિકાના વિપક્ષના નેતા તરીકે શૈલેન્દ્રસિંહ બિહોલાની નિમણૂંક

ગાંધીનગર તા ૫

ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષના નેતા તરીકે ફરીએકવાર શૈલેન્દ્રસિંહ બિહોલાની નિમણુંક કરવામાં આવી છે. ગત મેં મહીનાથી કોર્પોરેશનની ચુંટાયેલી રાજકીય બોડીની નવી ટર્મ શરૂ થઈ ત્યારબાદ ૬ મહીનાના લાંબા સમયગાળાના અંતે વિપક્ષના નેતાની નિમણુંક થતા કોંગ્રેસ હવે લડાયક મુડમાં જોવા મળશે તેમ મનાઈ રહુયુ છે. બીજીતરફ ભાજપ



દ્વારા પણ ટુંકમાં શાસક પક્ષના નેતાની જાહેરાત કરાશે.

ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પ્રજાકીય સમસ્યાઓ યથાવત રહી છે. પરંતુ સ્થાનિક કક્ષાએ રાજકીય સમીકરણો બદલાયા છે. ગત મેં મહીનામાં મહાનગરપાલિકામાં સત્તાના નવા સમીકરણો રચાયા બાદ કોર્પોરેશનમાં વિપક્ષના નેતાની નિમણુંક કરવામાં આવી ન હતી. આખરે પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે મહાનગરપાલિકાના

● અનુસંધાન પાન-૭ પર

# ચોથા નોરતે ખેલૈયાઓ મનભેર ગરબે ઘુમ્યા

## મધ્યાંતરે પહોંચતા નવરાત પર્વમાં ચાર દિવસ વરસાદે સોથ વાળ્યો : આકાશ તરફ મીટ માંડતા ખેલૈયાઓમાં વરસાદનો સતત ભય : મેઘરાજા ખમૈયા કરે તેવી આશ

ગાંધીનગર તા ૫

નવરાતમાં વરસાદ રોજબરોજ હાજરી પુરાવતા ગરબા મહોત્સવની ઉજવણીનો ઉત્સાહ ઓસરી ગયો છે. પ્રથમ નોરતે જ વરસાદ વરસતા ગરબા બંધ કરી દેવા પડયા હતા. જયારે ત્રીજી નવરાતે પણ વરસાદ વિલન બન્યો હતો. જો કે બે દિવસ વરસાદે ગરબાની મજા બગાડતા ચોથા નોરતે ખેલૈયાઓ મન મુકીને ગરબ ધુમ્યા હતા. આખો દિવસના વાદળિયા વાતાવરણ વચ્ચે ગરબા ટાંણે જ આકાશમાં વિજચમકારા થતા હતા. પરંતુ વરસાદી વાદળોએ ખમૈયા કરતા ગરબામાં કોઈ વિધ્ન નડયુ ન હતુ. ખૈલેયાઓ મોજમાં આવી ગયા હતા. જયારે આજે સવારથી જ આકાશમાં

● અનુસંધાન પાન-૭ પર



# વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ત્રણની ૧૪મીથી કસોટી

## જિલ્લામાંથી ૬ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે
## જિલ્લામાં ૨૭ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે

ગાંધીનગર તા ૫

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ત્રણ ની કસોટી આગામી તા ૧૪થી ૨૦ ઓકટોબર દરમિયાન યોજાશે. જિલ્લાના ૨૭ બિલ્ડીંગોમાં પરિક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લામાંથી ૬ હજારે જેટલા પરિક્ષાર્થીઓ હાજરી આપશે. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક પરીક્ષાખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવશે. જયારે સ્કોવોર્ડના સભ્યોની ટીમ પણ રાઉન્ડ લેશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૪ ઓકટોબરથી સેમેસ્ટર ત્રણ ની કસોટી લેવાશે. નવરાત બાદ યોજાનારી આ કસોટીમાં જિલ્લામાંથી ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે. એકબાજુ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ પણ ચાલી રહી છે. આગામી સપ્તાહમાં તબક્કાવાર સ્પર્ધાત્મક પરીક્ષાને અનુલક્ષીને પણ રાજય પરિક્ષા બોર્ડ તેમજ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પણ સંયુકત રીતે આયોજન કરવામાં આવી રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રૂપાલ ખાતે પલ્લીનો મેળો ૯ ઓકટોબરે યોજાશે

## મેળાના દિવસે ૩ વાગ્યા બાદ રૂપાલ-રાંધેજા માર્ગ એકમાર્ગીય બનશે
## મંદિરના જીણોધ્ધારમાં દાન આપનાર ભકતોને ઘીના પાઉચ મળશે : પલ્લીનો મેળો એક હજાર પોલીસ જવાનો : ૨૪ સીસીટીવી કેમેરાથી સુરક્ષિત

ગાંધીનગર, તા.૫

આશરે પાંચ હજાર પૂર્વે પાંડવો દ્વારા શ્રી વરદાયિની માતાજીની પલ્લી નિકાળવામાં આવી હતી. પરંપરા મુજબ પ્રથમ નવરાત્રીએ (ઘઢ સ્થાપન) થી પુરેપુરા નવ દિવસો ગણી પલ્લી યાત્રા યોજવામાં આવે છે. જેમાં નવરાત્રીની વધ કે ઘટ ગણવામાં આવતી નથી. ચાલુ વર્ષે તા.૯મી ઓકટોબર ૨૦૧૬ના રોજ રાત્રે પલ્લીના મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે પલ્લીના મેળામાં અંદાજીત ૧૨ લાખ જેટલા ભકતો દર્શનનો લાભ લેશે.

પલ્લીના મેળા દરમિયાન બહારથી આવતા ભકતો માટે ટ્રાફિક સમસ્યા ઉભી ના થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારુ આયોજન કરવામાં આવ્યું છે. આયોજનની માહિતી આપતા જિલ્લા કેલકટરશ્રી સતિષ પટેલ અને પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસે જણાવ્યું હતુ કે પોલીસ જવાનો, હોમગાર્ડ, એસઆરપી, તેમજ કમાન્ડો મળીને કુલ ૧૦૦૦ જેટલા જવાનો સુરક્ષા માટે તૈનાત રહેશે. તે ઉપરાંત વરદાયિની માતા મંદિર સંકુલમાં અને અન્ય સ્થળોએ બાજ નજર રાખવા માટે ૨૪ જેટલા સીસીટીવી કેમેરા મુકવામાં આવ્યા છે.

આ વર્ષે પલ્લીના મેળાના દિવસે બપોરના ત્રણ વાગ્યા બાદ રાંધેજા-રૂપાલ માર્ગ એકમાર્ગીય થઈ જશે. અને ભકતો માટે તેમના વાહનોને પાર્ક કરવા માટે મંદિરના પાછળના ભાગે વિશાળ પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અને દર્શન કરી ભકતો રૂપાલ, સોનીપુર, કોલવડા થઈને ગાંધીનગર આવી શકશે.

પલ્લીના મેળા દરમિયાન ફાયર બિગ્રેડ તૈનાત રહેશે અને પલ્લીયાત્રા જે માર્ગ પર ફરે છે. તેમાં આવતા રૂપાલ ગામના શેરી તેમજ ફળીયામાં ફાયર બિગ્રેડના વાહનો ના જઈ શકે તેવા સાંકળા હોવાથી ફાયર બોટલ સાથે રહેશે. પલ્લી યાત્રા દરમિયાન વિજળીની સુવિધા સતત મળી રહે તે માટે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા માતૃશ્રી **ગં.સ્વ. કૃષ્ણાબા દાનુભા ઝાલા** ગામ : ખેરાળી હાલ ગાંધીનગર તા. ૨/૧૦/૨૦૧૬ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૬/૧૦/૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** રાખેલ છે.

સ્થળ : રંગમંચ, મહારાણા પ્રતાપ વિદ્યાલયની સામે, સેક્ટર-૨૭, ગાંધીનગર

લિ.
**ભરતસિંહ દાનુભા ઝાલા**

| | |
|---|---|
| સ્વ. ખુમાનસિંહ જીલુભા ઝાલા | વનરાજસિંહ જટુભા ઝાલા |
| સ્વ. દાનુભા જીલુભા ઝાલા (ડી.જે. ઝાલા) | ડો. રઘુવીરસિંહ જટુભા ઝાલા |
| જટુભા જીલુભા ઝાલા (જે.જે. ઝાલા) | હરીહરસિંહ જટુભા ઝાલા |

**મોબાઈલ : ૯૪૨૭૩ ૦૩૧૧૪**

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com